# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571

Vol. No. 60 ❖ Issue : 06 ❖ Pages : 24 ❖ December 2024 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## ઝાલાવાડ સ્નેહ સંમેલન - વિશિષ્ટ એવોર્ડ પદ પ્રદાન સમારોહ

આપણા શ્રી સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય ઝાલાવાડ સ્નેહ સંમેલન – વિશિષ્ટ એવોર્ડ પદ પ્રદાન સમારોહ કાર્યક્રમ વિશે **ઝાલાવાડ જૈન દર્શન** પત્રીકામાં અગાઉ જણાવેલ છે જેને ખુબજ અનેરા ઉત્સાહ સહ પ્રતિસાદ મળી રહેલ છે. સાથે સાથે કાર્યક્રમને લગતા રચનાત્મક સૂચનો પણ આવી રહ્યા છે, શ્રી સંઘની વ્યવસ્થાપક સમિતિમાં જણાવીને કાર્યક્રમ પૂર્ણ પણે સફળ થાય તેવા પ્રયત્નો ટ્રસ્ટીશ્રીઓ, જયુરી સભ્યો, કન્વીનર, સહ કન્વીનર, કમીટી મેમ્બરો, કાર્યકર્તાઓ સર્વે ખભે ખભા મીલાવી શ્રી સંઘની આન, બાન, શાન જળવાય એવા પ્રયત્નો કરી રહ્યા છે. **ઝાલાવાડ સ્નેહ સંમેલન – વિશિષ્ટ એવોર્ડ પદ પ્રદાન સમારોહ** ૨૦ વર્ષ પછી યોજાઈ રહ્યો છે. શ્રી સંઘની મીટીંગમાં ચર્ચા – વિચારણા અંતે સ્નેહ મીલન સમારોહ કાર્યક્રમ તા.૦૯/૦૨/૨૦૨૫ રવિવારના શુભ દિને યોજવાનું નક્કી કરેલ છે. આ કાર્યક્રમ માટે વિવિધ પેટા કમીટીઓની રચના કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા કાર્યો સોંપવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સમાજના લબ્ધપ્રતિષ્ઠિત અગ્રગણ્યોને આગોતરૂ આમંત્રણ મોકલી આપવામાં આવેલ છે.

આ સોહામણા પ્રસંગમાં જે સભ્યશ્રી એ ઝાલાવાડ સમાજમાં લાંબા સમયથી તન–મન–ધન થી સેવાભાવી કાર્યો કરી શ્રી સંઘની પ્રગતિ, વિકાસ અને ઉત્કર્ષમાં ખૂબજ સાથ–સહકાર–સહયોગ આપી અન્ય જૈન સમાજ કરતા **'શ્રી ઝાલાવાડ સંઘ'**નું નામ રોશન કરવામાં ઉત્કૃષ્ટ ફાળો આપેલ છે. તેવા સેવાભાવી સભ્યશ્રીને યોગ્ય એવોર્ડથી સન્માનિત કરી નવાજવા આ કાર્ય માટે અગાઉ જણાવ્યા મુજબ સ્વતંત્ર જયુરી સભ્યોની નિમણુંક કરેલ છે. એવોર્ડ માં ખાસ કરીને **સમાજ રત્ન, સમાજ ગૌરવ આદિ એવોર્ડ** યોગ્ય ફેરફારને આધીન આપવાનું જ્યુરીની વિચારણા હેઠળ છે.

આપણા આંગણે ૨૦ વર્ષની લાંબી અવધિ બાદ આપણા ઝાલાવાડ સમાજની સન્માનિત વિશિષ્ટ વ્યક્તિઓનું જૈન સમાજના અગ્રગણ્ય આમંત્રિતોની હાજરીમાં સન્માનપૂર્વક યોગ્ય બહુમાન થશે. તેનો ઉલ્લાસ આપણને બધાને હોય એ ખૂબજ સ્વભાવિક છે. આવો...પધારો આ આનંદની ક્ષણોને આત્મસાત કરીએ....


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦–૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# અશ્રુભીની શ્રધ્ધાંજલી....



શ્રી જતીનભાઈ પટવા

લીંબડી નિવાસી હાલ કાંદીવલી માતુશ્રી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા ના સુપુત્ર શ્રી જતીનભાઈ (ઉ.વ.૬૮) તા.૨૭-૧૧-૨૦૨૪ને બુધવારના રોજ અનંતની યાત્રાએ ચાલ્યા ગયા.

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. ફાઉન્ડેશનમાં ૨૦૦૮માં **'ભગીની સહાય'** યોજના સ્થાપના કરવામાં આવેલ. આ યોજના હેઠળ ઝાલાવાડ સમાજ ની કોઈપણ બહેન નિરાધાર બને ત્યારે કાયમી ધોરણે - બહેન જીવે ત્યાં સુધી અથવા તેમના બાળકો કમાતા થાય ત્યાં સુધી દર મહિને સહાય આપવાની યોજનાને **માતુશ્રી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા ભગીની સહાય યોજના** નામથી પરિવારે આવા લાભ લઈ ઉચ્ચત્તમ ભાવના પ્રગટ કરી શરૂઆત કરેલ.

ત્રણ સુપુત્રો શ્રી અશ્વીનભાઈ, શ્રી દિપકભાઈ તથા સુપુત્રી શ્રીમતી મીનાબેન શાહમાં સૌથી નાના શ્રી જતીનભાઈ અરિહંત શરણ થયા.

ત્રણેય ભાઈઓ અને એક બહેન બધા જ ઉચ્ચ શિક્ષણ મેળવેલા આવા કેળવણીના ભંડાર સમો આ પરિવાર ખરેખર આપણા સમાજનો એક આદર્શ પરિવાર છે. આ પરિવારે અથાગ પરિશ્રમથી, બુધ્ધિબળથી લક્ષ્મી મેળવી જાણી છે. અને સમય આવ્યે લક્ષ્મીનો સદુપયોગ પણ કરી જાણ્યો છે.

સમાજ **'ખોબો'** માંગે ત્યારે **'ખોળો'** ભરીને આપે. આવા માતા-પિતાના સંસ્કારો મળેલા. સમાજના જરૂરિયાતમંદ પરિવારો માટે **'કાંઈક આપવું જ જોઈએ'** તેવી ભાવના સાથે પ્રબળ ઈચ્છાને ત્રણે સુપુત્રોએ અમલ મુકી.

આવા પરિવારના લઘુબંધુ શ્રી જતીનભાઈના અચાનક જવાથી પરિવારને તો ખોટ પડી જ છે. સાથે ઝાલાવાડ સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે.

શ્રી જતીનભાઈનાં અરિહંત શરણ થયે તેમનાં આત્મશ્રેયાર્થે ત્રણ વર્ષ સુધી (વર્ષ ૨૦૨૫-૨૬-૨૭) રૂા.૩ લાખ યોગદાન આપણા ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટને આપી ઉચ્ચત્તમ ઉદાહરણ આપી દાખલો બેસાડ્યો છે.

શ્રી જતીનભાઈનો દિવ્ય આત્મા શાશ્વત શાંતિ પામી પરમપદ પ્રાપ્ત કરે.... એ શ્રધ્ધાંજલી.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ - મુંબઈ**
**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન**
**ઝાલાવાડ બીઝનેશ ફોરમ**
**ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**

પ્રમુખ : શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

**તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ**
**પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ**

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-
Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

## તંત્રી સ્થાનેથી....

## ઝાલાવાડની ચારેય સંસ્થાઓની પ્રવૃત્તિઓનો ધમધમાટ

વર્ષ ૨૦૨૪ ઝાલાવાડ સંઘ, ઝાલાવાડ ફાઉન્ડેશન, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ અને ઝાલાવાડ બીઝનેશ ફોરમના વિવિધ આયોજન અને કાર્યક્રમો સાથે જોઈએ તો અગાઉના ૧૧૧ વર્ષનો રેકોર્ડ તૂટેલ છે. તેમ કહીશું તો ખોટું નહી કહેવાય !

યાત્રિક ભવન પાલીતાણા આધુનિક અદ્યતન સુવિધા સાથે વાતાનુકુલિત બ્લોકનું રિનોવેશન, શ્રી સંઘ અને ફાઉન્ડેશનની નવી ઓફીસનું ઉદ્‌ઘાટન, ફાઉન્ડેશનની નવી યોજના દ્વારા સાધારણ પરિવારના કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને લેપટોપ વિતરણ (ટોકન દર લઈને), શ્રી સંઘ દ્વારા સ્કુલમાં ભણતા બાળકોને વિશેષ શૈક્ષણિક સહાય, ધાર્મિક દ્રષ્ટિએ સમાજ અગ્રગણ્ય દાતાઓ દ્વારા વર્ષ ૨૦૨ ઉથી શરૂ થયેલ યાત્રિક ભવન પાલીતાણામાં શાશ્વતી આયંબિલ ઓળી ૪ પૂર્ણ કરી, ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માસ્ટર ડીગ્રીમાં ભણતા - અરજકર્તા બધા પરિવારોને શૈક્ષણિક લોન, ઝેડ.બી.એફ. દ્વારા તલાશ-૩ અને દાંડિયા-રાસગરબા અને મહિલાઓને પગભર કરી વધારે સબળ અને સમૃદ્ધ કરવા માટે તેમના સ્વરોજગારમાં લોન આપી આર્થિક સહાય કરવાની યોજના, શ્રી સંઘ દ્વારા તપસ્વી બહુમાન સમારંભ ખર્ચમાં અને તપસ્વી બહુમાન ભોજન ખર્ચમાં તૂટો રહેતો હોવાથી, આ ખર્ચને પહોંચી વળવા માટે તપસ્વી બહુમાન સમારંભ અને ભોજનના સહાયક દાતા લઈ આવા તપ-અનુમોદનાના વિભાગને બળ મળેલ છે. સાથે યાત્રિક ભવન જિનાલય પાલીતાણા ધ્વજારોહણના ૩ વર્ષના આદેશનો લાભ લઈ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડેલ છે.

આ બધુ ત્યારે જ શક્ય બને છે જ્યારે સમાજના વહીવટકર્તા સંચાલકો - હોદ્દેદારો - ટ્રસ્ટીઓ અને પ્રમુખશ્રી સક્રિય રસ લઈ દાતાઓ પાસેથી આર્થિક યોગદાન મેળવી પ્રયત્નો કરતા રહે છે. આ માટે સમાજના શ્રેષ્ઠીઓ, દાતા ઉદારતાથી દાન આપી લાભ લેતા રહે છે. તે જ આપણા સમાજની વિશેષતા છે અને મુંબઈનાં અન્ય જૈન સમાજની સંસ્થાઓમાં આપણા ઝાલાવાડનું મુઠ્ઠી ઉંચેરૂ સ્થાન છે. અને ગણના થાય છે.

પરામંડળોના વાર્ષિક કાર્યક્રમો, યુવા મંડળોનાં પિકનિક, યાત્રા-પ્રવાસ અને ક્રિકેટ ટુર્નામેન્ટ જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોમાં જાગૃતિ આવેલ છે,અને કુટુંબ ભાવનાથી - એકબીજાને ઉપયોગી અને મદદરૂપ થઈ ભાઈચારાની ભાવના કેળવાયેલ છે.

### શું વાંચશો ? આ અંકમાં...

★ સ્નેહ મિલન એવોર્ડ સમારંભ વિશે (કવર પેઈજ ઉપર) ★ ઝેડ.બી.એફ.ની આગામી ક્રિકેટ ટુર્નામેન્ટ વિશે ★ વ્યક્તિ વિશેષ પ્રતિભા શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા વિશે ★ શ્રી જિનાલય (યાત્રિક ભવન પાલીતાણા) સર્વ સાધારણના વિ.સં.૨૦૨૧ના દાતાઓની યાદી ★ પરામંડળ – મહિલા મંડળ અહેવાલ સમાચાર ★ સંવેદનાના સ્પંદનો ★ સગપણ બાયોડેટા ★ શ્રી જતીનભાઈ પટવાને શ્રધ્ધાંજલી ★ શુભ વેવિશાળ ★ જન્મ દિવસ – લગ્નદિવસની શુભેચ્છા ★ વ્હાલાની વસમી વિદાય વેળાએ ★ મહિલા રોજગાર વિશે માહિતી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મંડળ - બોરીવલી

ઉપરોક્ત મંડળનો વાર્ષિક સ્નેહમિલન, તપસ્વી બહુમાન, શૈક્ષણિક ઈનામ વિતરણ, ધાર્મિક શિક્ષણ ઈનામ વિતરણ તેમજ સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ તા.૨૩-૦૨-૨૦૨૫ને મહા વદ ૧૦ના રોજ **૪૪મો સમારંભ** બોરીવલીથી વિરાર સુધીનાં સભ્યો માટે યોજવામાં આવેલ છે.

**સ્નેહ મિલન સ્થળ :-** શેઠ જી.એચ. હાઈસ્કુલ, મહાત્મા ગાંધી રોડ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :-** શૈક્ષણિક ઈનામી વિતરણ, તપસ્વી બહુમાન, ધાર્મિક શિક્ષણ તેમજ સાંસ્કૃતિક મનોરંજનનો કાર્યક્રમ સવારે ૧૦.૦૦ વાગે શરૂ કરવામાં આવશે. તો દરેક સભ્યોએ સમયસર પધારવું.

**શૈક્ષણિક ઈનામ :-** (૧) ધોરણ ૧ થી ૯ સુધીના પાસ થયેલ વિદ્યાર્થીના આવેલ દરેક પરિણામ પત્રક મુજબ ઈનામ આપવામાં આવશે.

(૨) ધોરણ-૧૦ (એસ.એસ.સી.) માટે ૭૦% થી ઉપરની માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૩) ધોરણ-૧૧ થી હાયર એજ્યુકેશન માટે ૬૦% થી ઉપરની માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૪) પોસ્ટ ગ્રેજ્યુએટ તેમજ ડબલ ગ્રેજ્યુએટ માટે ૫૦% અને તેનાથી વધારે ટકાવાળી માર્કશીટ સ્વીકારવામાં આવશે.

(૫) વર્ષ-૨૦૨૪માં લેવાયેલ પરીક્ષાની માર્કશીટ જ લેવામાં આવશે.

(૬) દરેક વિદ્યાર્થીઓએ આપણા મંડળની વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. તથા તેની સાથે જરૂરી દસ્તાવેજ પણ અપલોડ કરવાનાં રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૦૨-૦૨-૨૦૨૫ સુધી અપલોડ કરી શકાશે.

**તપસ્વીનું બહુમાન :-** વર્ષ ૨૦૨૪નાં ચાતુર્માસ દરમ્યાન સળંગ છ (૬) ઉપવાસ અને તેનાથી વધારે ઉપવાસની તપશ્ચર્યા કરેલ તથા વર્ધમાન તપની ૫૦ અને તેનાથી ઉપરની ઓળી કરનાર તપસ્વીનું બહુમાન કરવામાં આવશે. દરેક તપસ્વીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫થી તા.૦૨-૦૨-૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે.

**ધાર્મિક શિક્ષણ :-** જે કોઈએ પણ ધાર્મિક પરીક્ષા વર્ષ ૨૦૨૪ દરમ્યાન આપી હોય અને તેનું સર્ટીફિકેટ હશે તેનેજ માન્ય ગણવામાં આવશે. તેમજ આ ફોર્મ પણ આપણી મંડળની વેબસાઈટ પર જઈ ને ભરવાનું રહેશે. તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૦૨-૦૨-૦-૨૦૨૫ સુધી ફોર્મ ભરી શકાશે.

**સમારંભનાં પાસ વિશે માહિતી :-** વાર્ષિક સમારંભનાં પાસનો નકરો રૂા.૫૦/- (પચાસ) વ્યક્તિદીઠ રાખવામાં આવેલ છે. પાસ મેળવવા માટે વિગતવાર કેન્દ્રોની માહિતી નીચે આપેલ છે. પાસ તા.૦૮-૦૨-૨૦૨૫ થી તા.૧૬-૦૨-૨૦૨૫ સુધી મેળવી લેવા વિનંતી.

**કેન્દ્રોની માહિતી :- (૧) બોરીવલી (વેસ્ટ)** - શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.મંડળ બોરીવલી, કે-૨, મંગલકુંજ, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ), સમય : સોમ થી શનિ સાંજે ૬ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨. મો.: ૭૦૪૫૬૧૯૫૧૮

**(૨) બોરીવલી (ઈસ્ટ)** - શ્રી મેહુલ આર. મહેતા, એ-૪૦૨, અભિલાષા બિલ્ડીંગ, કાર્ટર રોડ નં.૧, બોરીવલી (ઈસ્ટ), સમય : સોમથી શનિ રાત્રે ૮ થી ૯, રવિવારે સવારે ૧૧ થી ૧૨.૩૦. મો.: ૯૮૬૯૦૧૨૫૮૨

**(૩) દહીસર (ઈસ્ટ)** - શ્રી સંજયભાઈ એમ. શાહ, બી-૨૫, અમિત એપાર્ટમેન્ટ, લિંક રોડ, આનંદ નગરની પાછળ, દહીસર (ઈસ્ટ), સમય : સવારે ૯ થી ૧૧, મો.: ૯૩૨૪૭૬૦૪૯૮

**(૪) મીરારોડ (ઈસ્ટ)** - શ્રી સંજયભાઈ એમ. શાહ, એ/૭૦૨, ગંગોત્રી એપાર્ટમેન્ટ, શાંતી પાર્ક, સેંટ જોસેફ સ્કુલ લેન, મીરારોડ (ઈસ્ટ), સમય : ૬ થી ૯. મો.: ૯૯૨૦૩૮૭૬૭૮

**(૫) ભાયંદર** - મુકેશભાઈ યુ. શાહ, શ્રી ખીમચંદ છગનલાલ શાહ, માનવ સેવા ટ્રસ્ટ, સી-૧, તીર્થંકર દર્શન બિલ્ડીંગ, બાવન જીનાલય પાસે. સમય : સોમ થી શનિ સાંજે ૬ થી ૮, રવિવાર સવારે ૧૦ થી ૧૨

**(૬) વસઈ (વેસ્ટ)** - નિર્મલ આય કેર, દુકાન નં.૯, કે.ટી.નગર, ફેઝ-૧, શ્રેયસ હોસ્પિટલની સામે, સાંઈનગર, વસઈ (વેસ્ટ), સમય : સવારે ૧૧ થી ૧, સાંજે ૪.૩૦ થી ૮.૩૦ મો.: ૯૯૨૦૫૫૦૭૯૫

**(૭) નાલાસોપારા (ઈસ્ટ)** - શ્રી દિલીપભાઈ ટી. શાહ, એ-૧૨૦૨, ઈમ્પિરીયલ હેરીટેજ ટાવર, ઈન્ડસઈન્ડ બેંકની સામે, વસઈ-નાલાસોપારા લિંક રોડ, નાલાસોપારા (ઈસ્ટ) સમય : સાંજે ૭ થી ૧૦. મો.: ૯૮૨૦૨૭૦૬૯૩

**(૮) વિરાર (વેસ્ટ)** - રોનક એમ. શાહ, શાહ એન્ટરપ્રાઈસીસ, ઓફીસ નં.૧ અને ૨, ધ્રુમિ સોસાયટી, રાજીવ નગર, વિરાર (વેસ્ટ). સમય : સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. મો.: ૭૭૩૮૯૨૩૪૭૧

**ઈ ડીરેક્ટરી ગાઈડ લાઈન :-**

વેબસાઈટ : **http://zalawadmandalborivali.com**

(૧) વેબસાઈટ ઓપન કરીને ઈ-ડીરેક્ટરી ઉપર ક્લિક કરો.

(૨) તમારી રજીસ્ટર મોબાઈલ નંબર લખો અને પછી Text me પર ક્લીક કરો.

(૩) તમારા રજીસ્ટર્ડ મોબાઈલમાં OTP આવશે. તે OTP

નંબર લખવાથી ઈ-ડીરેક્ટરીનું પેઈજ ખુલશે.

(૪) મેમ્બર ઈન્ફો પર ક્લીક કરી તમારા નામનો બ્લોક ખોલો પછી તપસ્વી ફોર્મ, એજ્યુકેશન ફોર્મ તથા ધાર્મિક શિક્ષણનાં ફોર્મ ભરી શકશો.

(૫) ઓનલાઈન જાણકારી માટે શ્રી કેતનભાઈ મો. ૯૩૨૪૬૩૧૭૫૬ અને શ્રી મિતેશભાઈ મો. ૯૮૨૦૮૯૯૨૩૯ પાસેથી મેળવવા વિનંતી.

**E-Directory Updation Guideline -**

આપણા મંડળનાં વિસ્તારની ઈ-ડીરેક્ટરી બનાવેલ છે. તો એમાં નામ, સરનામું, મો.નં., ઈ-મેઈલ (Name, Address, Email, Mo. No.) કોઈપણ ચેન્જ હોય તો સભ્ય નંબર સાથે આપેલ નંબર પર ૩૧ ડીસેમ્બર પહેલા કરી દેશો.

પ્રદીપભાઈ - ૯૮૨૧૦ ૭૦૮૧૭

અલ્પેશભાઈ - ૯૨૨૩૪ ૩૩૦૩૪

આપણા વિસ્તારના કમીટી મેમ્બર પાસે લીસ્ટ રાખેલ છે. તો કોઈપણ ફેરફાર હોય તો આપ સમારંભના પાસ લેવા જાવ ત્યારે અપડેટ કરવી લેવા વિનંતી.

મંડળના સભ્યો અને મેમ્બરો માટે ‘સાંસ્કૃતિક કાર્યક્રમ’ જેવા કે ડાન્સ, ગીત, મીમીક્રી, એકાંકી નાટક, મ્યુઝીક વગેરે મનોરંજક કાર્યક્રમ (Per Entry maximum time 4 minutes) રાખવાનું નક્કી કરેલ છે. જે ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે નીચે જણાવેલ સભ્યનો સંપર્ક કરવો. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

અનીલભાઈ ટોલીયા - ૯૩૨૨૨૫૩૫૪૫

જીગ્નાબેન અમીતભાઈ શેઠ - ૯૦૦૪૦૪૧૪૩૦

મોક્ષા અંકીત શાહ - ૯૬૧૯૯૯૧૬૯૯.

❖ સમકિત મંડળ દ્વારા અપાયેલા ધાર્મિક શિક્ષણના કાર્ડ જે સભ્ય પરિવારોના બાળકો પાસે હોય તેઓને વિશિષ્ઠ પારિતોષિક આપવામાં આવશે. વધુ વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.

❖ રમત-ગમત, ડાંસ, સંગીત કે શિક્ષણમાં સ્કુલ, કોલેજ, રાજ્ય લેવલ કે નેશનલ લેવલે વિશિષ્ઠ સિદ્ધિ મેળવી હોય જેવી કે ટ્રોફી, મેડલ વિગેરે ને વિશિષ્ઠ પારિતોષિક આપવામાં આવશે. વધુ વિગતો આવતા અંકમાં આપવામાં આવશે.

❖ દર વર્ષ પ્રમાણે આ કાર્યક્રમમાં પણ રક્તદાન શિવિર (બ્લડ ડોનેશન કેમ્પ) રાખવામાં આવેલ છે. જે માટે ૧૮ વર્ષથી ઉપરના અને ૪૫ કિલોગ્રામ વજનના દરેક સભ્યોએ રક્તદાન આપી જરૂરિયાતમંદ વ્યક્તિને સહાયરૂપ આગળ આવવા ખાસ આગ્રહભરી વિનંતી.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ – બોરીવલી

ઝાલાવાડ મહિલા મંડળ નો એક કાર્યક્રમ તા.૧૬/૧/૨૦૨૫ ના રોજ મંડપેશ્વર દેરાસર માં પંચકલ્યાણક પૂજા નો રાખેલ છે. સવારે ૧૦ વાગે સૌ બહેનો એ આવી જવું. પૂજા પછી જમણવાર છે તો આવવા ઈચ્છુક બહેનો એ તા.૮/૧/૨૦૨૫ સુધી રૂા. ૨૦૦/- ભરી પોતાના નામ કમિટી બહેનો પાસે લખાવી દેવા. નવા સભ્યો લેવા માં આવશે. પોતાના કાર્ડ લઈ ને આવવું.

**સમય અને સ્થળ :-** ૧૬/૧/૨૦૨૫ પોષ વદ ૩ ગુરુવાર સવારે ૧૦ વાગે, મંડપેશ્વર જૈન દેરાસર બોરીવલી વેસ્ટ.

## ‘‘વાંચવા જેવું...’’

**ઓળખ છુપાવીને બીજાને મદદ કરવાની અનોખી પદ્ધતિઃ**

યુરોપનો એક દેશ છે નોર્વે. ક્યારેક ત્યાં જાવ તો એક દૃશ્ય જરૂર જોવા મળેઃ

એક રેસ્ટોરન્ટ છે....તેના કાઉન્ટર પર આવીને એક સ્ત્રી કહે છેઃ પાંચ કોફી, એક સસ્પેન્સન...તે પાંચ કોફીના પૈસા ચૂકવે અને ચાર કપ કોફી લઇ જાય છે...

થોડીવાર પછી એક પુરુષ આવે છે અને કહે છેઃ ચાર લંચ, બે સસ્પેન્સન...તે ચાર લંચના પૈસા ચૂકવે છે અને બે લંચ પેકેટ લઈ જાય છે...

પછી એક બીજી વ્યક્તિ આવે છે અને કહે છેઃ દસ કોફી, છ સસ્પેન્સન...તે દસ કોફીના પૈસા ચૂકવે છે અને ચાર કોફી લઈ જાય છે...

થોડી વાર પછી લઘર વઘર કપડામાં એક વૃદ્ધ વ્યક્તિ આવીને પૂછે છેઃ કોઈ સસ્પેન્ડેડ કોફી?...

કાઉન્ટર ગર્લ કહે છેઃ યસ...અને તેને એક કપ ગરમ કોફી આપે છે...

થોડી વાર પછી એક દાઢી વાળી વ્યક્તિ આવીને પૂછે છેઃ કોઈ સસ્પેન્ડેડ લંચ?...

કાઉન્ટર મૅન કહે છેઃ યસ...અને તેને ગરમ લંચનું પેકેટ અને પાણીની બોટલ આપે છે...આ ક્રમ દિવસભર ચાલતો રહે છે...પોતાની ઓળખ છુપાવીને જરૂરત મંદની મદદ કરવાની આ પદ્ધતિ અદ્ભુત છે!!!

ઓળખ છુપાવીને બીજાને મદદ કરવાની નોર્વેના નાગરિકોની આ પરંપરા છે!!!

અને આપણે ત્યાં? એક દર્દીને એક કેળું પણ આપતી વખતે દસ બાર લોકો બેશર્મિથી તસવીર ખેંચાવતા હોય છે કેમ જાણે દુનિયાના સૌથી મોટા દાનવીર ભામાશા પોતે જ છે!!! પ્રેરણાત્મક સુંદર વાત!!!..


**શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ**

ઝાલાવાડી સમાજ પરિવારના સંતાનોને હાયર એજ્યુકેશન - માસ્ટર્સ ડીગ્રી કોર્સ જેમ કે M.S., M.B.A., M.Com., M.Sc., C.A., ભારત માં કે USA / UK માં કરવાની ઈચ્છા હોય તો આપણાં ટ્રસ્ટ દ્વારા નાણાકીય લોન દ્વારા સહાય કરવામાં આવે છે.

**Website : www.zalawadglobaleducation.org**

**અથવા**

**કિરણભાઈ શાહ - ૯૮૨૧૦૫૨૭૦૫**

(સાંજના ૫ થી ૭ દરમ્યાન જ) સંપર્ક કરશો.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન - મુંબઈ
## તા.૧-૪-૨૦૨૪ થી તા.૩૦-૧૧-૨૦૨૪ નો અહેવાલ
## : શિક્ષણ ક્ષેત્રે એક અનેરું નવું નઝરાણું :

ફાઉન્ડેશન દ્વારા રવિવાર તા.૧૦-૩-૨૦૨૪ ના રોજ જલારામ હોલ ખાતે "MEET & GREET" કાર્યક્રમમાં ઝાલાવાડ સમાજમાં સૌપ્રથમ નવી **'લેપટોપ યોજના'** ની જાહેરાત **ફાઉન્ડેશનના ચેરમેનશ્રી વિનોદભાઈ તારાચંદ શેઠે** કરી હતી તેને હાજર રહેલા દિલેર દાતા અને સૌ સભ્યોએ વધાવી લીધી હતી.

આ નવી યોજનાને ટૂંક સમયમાં એટલે કે તા.૨-૧૦-૨૦૨૪ ના રોજ શ્રી માનવ સેવા સંઘના સભાગૃહ ખાતે ફાઉન્ડેશનના ચેરમેન વિનોદભાઈ તારાચંદ શેઠ સાથે સમાજરત્નશ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ તથા આઈ.પી.ચેરમેન શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહે આ યોજના સાકાર કરી હતી. આજના ડીજીટલ યુગમાં લેટેસ્ટ ટેક્નોલોજીવાળા લેપટોપ ૫૫ (પંચાવન) વિધાર્થીને દરેકને સ્ટેજ ઉપર બોલાવી આપણા ઝાલાવાડ જૈન સમાજના દાતાઓ - પદાધિકારીઓ તથા સ્થાનિક મંડળો - યુવા મંડળોના હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઝાલાવાડ સમાજના દરેક યોજનાના દાતા અને ઝાલાવાડના સ્થાનિક મંડળ તથા યુવા મંડળોના પદાધિકારીઓ હાજર હતા.આ લેપટોપ માટે કોઈપણ દાતા પાસે રકમ ઉઘરાવી નથી.

આ લેપટોપ અંગે વિધાર્થી તરફથી પદાધિકારીઓને મોબાઈલ ઉપર ફોન કરી જણાવે છે કે આ લેપટોપ અમારા અભ્યાસ માટે ખુબ જ ઉપયોગી થાય છે. ઝાલાવાડ ફાઉન્ડેશનને ખુબ ખુબ અભિનંદન.....

આજના આધુનિક શિક્ષણના જમાનામાં દરેક પરિવારમાંથી એક એક વિધાર્થીને ઉચ્ચ શિક્ષણ મેળવે તો પરિવાર આર્થિક રીતે સમૃદ્ધ બને તેવી ઝાલાવાડ ફાઉન્ડેશન તથા ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ આ માટે અથાગ પ્રયાસ કરે છે. આ ક્ષેત્રે હજી નવી યોજનાઓ લાવવી છે તે માટે આપ સૌ દિલેર દાતાઓના સાથ સહકારથી પાર પડશે તેવી શુભેચ્છા સહ અભ્યર્થના.....

**: કેળવણી વિભાગ :** આ વિભાગમાં કોલેજમાં તથા અન્ય ઉચ્ચ કેળવણીના અભ્યાસ માટે આવેલ જરૂરિયાતમંદ પરિવારના વિધાર્થીઓની આવેલ અરજી મુજબ જરૂરી હોય તો વિધાર્થીને રૂબરૂ બોલાવી ચકાસણી કરી અરજી પાસ કરવામાં આવે છે. આ વર્ષે અત્યાર સુધી આવેલ ૫૬ (છપ્પન) અરજી પાસ કરી રકમ આપવામાં આવી છે.

**: સાધર્મિક વિભાગ :** માસિક મની ઓર્ડર સહાય : આ વિભાગમાં આપણા ઝાલાવાડ વિસ્તારના ગામોમાંથી જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારની અરજી આવ્યા બાદ સ્થાનિક કાર્યકરની સંપૂર્ણ તપાસ કરી અરજી પાસ કરવામાં આવે છે. (૧૧૨ (એકસો બાર) પરિવારને વાર્ષિક રૂપિયા ૧૨૦૦૦/- તેમના બેંકનાં ખાતામાં મોકલવામાં આવે છે.)

**: ભગીની સહાય :** આ વિભાગમાં આવેલ અરજી મુંબઈ ૨૧ ભગીની (વિધવા) તથા આપણા ઝાલાવાડ ગામમાં રહેતા ૬ ભગીનીને (વિધવા) સહાય કરવામાં આવે છે. (મુંબઈમાં વાર્ષિક રૂા.૩૬૦૦૦/- અને ઝાલાવાડ ગામમાં વાર્ષિક રૂા.૧૮૦૦૦/- તેમના બેંકનાં ખાતામાં મોકલવામાં આવે છે.)

**: સ્વરોજગાર લોન સહાય :** આ વિભાગમાં ધંધાકીય જરૂરિયાતમંદ વ્યક્તિને સહાયરૂપ થવા માટે આવેલ અરજી કરનારની સંપૂર્ણ ચકાસણી કરી ઝાલાવાડના સભ્યની ગેરેંટી બાદ ૧૨ મહિનામાં સમાન માસિક હપ્તા પૂર્ણ કરવાની શરતે લોન આપવામાં આવે છે.

**: મેડીકલ વિભાગ : તબીબી સહાય :** હોસ્પીટલ ખર્ચ બાબત આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવારને મદદરૂપ થવા બાબત આવેલ અરજી ઉપર ચકાસણી કરી પાસ કરવામાં આવે છે. આ વર્ષે આવેલ અત્યાર સુધી ૧૫ (પંદર) અરજી પાસ કરી રકમ આપવામાં આવી છે.

**મેડીક્લેમ સહાય :** મેડીક્લેમ પોલીસી લીધા બાદ આવેલ અરજી ઉપર નક્કી કરેલાં નિયમોનુસાર રકમ પાસ કરવામાં આવે છે. આ વર્ષે અત્યાર સુધી આવેલ ૬૬ (છાસઠ) અરજી પાસ કરી રકમ આપવામાં આવી છે.

ઉપરોક્ત દરેક જરૂરિયાતમંદ સાધર્મિક સભ્યની અરજી પદાધિકારીઓની સ્કુટીની સમિતિમાં સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ ફાઉન્ડેશનના નિયમોનુસાર હોય તે જ પાસ કરી સહાય આપવામાં આવે છે.

**ખાસ અગત્યની સુચના :** સહાય યોજના માટે અરજી કરનાર વ્યક્તિએ ફરજીયાત તેમની માસિક આવકનું સેલેરી સર્ટીફીકેટ તથા ઇન્કમટેક્ષ રીટર્નની full કોપી અરજી સાથે મોકલવાની રહેશે.

| તા.૧-૪-૨૦૨૪ થી તા.૩૦-૧૧-૨૦૨૪ સુધી વિવિધ વિભાગોની સહાય વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| નં. | સ્થાનિક વિસ્તાર | સાધર્મિક વિભાગ | કેળવણી વિભાગ | મેડીકલ વિભાગ | ટોટલ રકમ |
| ૧ | સાઉથ મુંબઈ | ૨૦૦૦૦ | ૦ | ૪૦૦૦૦ | ૬૦૦૦૦ |
| ૨ | વડાલા-દાદર-માટુંગા-સાયન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સાંતાક્રુઝ | ૦ | ૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૪ | વિલે પાર્લે | ૦ | ૦ | ૧૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૫ | અંધેરી | ૦ | ૯૫૦૦ | ૪૦૫૧૫ | ૫૦૦૧૫ |
| ૬ | ગોરેગામ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | મલાડ | ૦ | ૨૦૦૦૦ | ૧૫૭૦૦૦ | ૧૭૭૦૦૦ |
| ૮ | કાંદિવલી | ૦ | ૮૫૦૦૦ | ૭૨૦૦૦ | ૧૫૭૦૦૦ |
| ૯ | બોરીવલી થી વિરાર | ૦ | ૬૯૧૪૮૧ | ૫૯૯૧૫૮ | ૧૪૯૦૬૩૯ |
| ૧૦ | ઘાટકોપર | ૦ | ૦ | ૪૨૭૫ | ૪૨૭૫ |
| ૧૧ | મુલુંડ | ૦ | ૫૦૦૦૦ | ૩૧૦૦૦ | ૮૧૦૦૦ |
| ૧૨ | થાણા-ડોમ્બીવલી-કલ્યાણ | ૦ | ૧૪૦૦૦૦ | ૬૯૧૧૨ | ૨૦૯૧૧૨ |
| | **ટોટલ રૂપિયા** | **૨૦૦૦૦** | **૯૯૫૯૮૧** | **૧૦૫૩૦૬૦** | **૨૨૬૯૦૪૧** |

| સહાય વિભાગ | રકમ | સહાય વિભાગ | રકમ |
|---|---|---|---|
| સાધર્મિક સહાય | ૨૦૦૦૦ | મની ઓર્ડર સહાય યોજના | ૧૦૦૮૦૦૦ |
| કેળવણી સહાય | ૯૯૫૯૮૧ | ભગીની સહાય યોજના | ૬૪૮૦૦૦ |
| મેડીકલ સહાય | ૧૦૫૩૦૬૦ | સ્વરોજગાર લોન | ૨૦૦૦૦૦ |
| લેપટોપ યોજના હેઠળ | ૧૭૫૩૯૫૦ | | |
| **ટોટલ રૂપિયા ૫૬૭૮૯૯૧ (છપ્પન લાખ ઇઠયોતેર હજાર નવસો એક્કાણું પુરા)** | | | |

## : મેડીક્લેમ પોલીસી માટે અગત્યની અપીલ :

હાલના સંજોગોમાં આપણા ઝાલાવાડ ફાઉન્ડેશન સમાજના દરેક વ્યક્તિ ઉંમર નાની હોય કે મોટી મેડીક્લેમ પોલીસી ફરજીયાત લેવી જોઈએ. અચાનક બીમારી આવે ત્યારે હોસ્પીટલના મોટા ખર્ચા દરેકને પરવડે તેવા નથી હોતા, આ કારણે એક અપીલ છે કે મેડીક્લેમ પોલીસી હોય તો ઘણી આર્થિક મોટી રાહત થાય છે.

ફાઉન્ડેશન મેડીક્લેમ સહાય યોજનામાં જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારને પોલીસી ઉતરાવ્યા બાદ અરજી કરી શકે છે.

આ મેડીક્લેમ પોલીસી માટે સચોટ વિગતવાર જાણકારી માટે બાદ મુલુંડના રહેવાસી શ્રી જતીનભાઈ શાહે

STAR HEALTH CO. ના ઓફિસર સાથે વાત થયા મુજબ DIRECT પોલીસી કરાવી આપશે. તેમજ ક્લેમ સમયે પણ સંપૂર્ણ મદદ કરશે.

આ મેડીક્લેમ પોલીસી "STAR HEALTH CO." (TERM & CONDITION APPLY) ની નીચે મુજબ છે.

### (પ્રીમીયમ ફેમિલી પ્રમાણે GST સાથે : 2 ADULTS + 2 CHILD)

| AGE | 3 LAKHS | 5 LAKHS | 7 LAKHS | 10 LAKHS | 15 LAKHS | 20 LAKHS | 25 LAKHS |
|---|---|---|---|---|---|---|---|
| UP TO 45 | 7104 | 9812 | 11283 | 12756 | 15314 | 17614 | 19731 |
| 46 TO 60 | 8596 | 11874 | 13659 | 15443 | 18537 | 21319 | 23883 |
| 61 TO 70 | 10198 | 14079 | 16190 | 18299 | 21970 | 25274 | 28307 |
| 71 TO 79 | 11724 | 16190 | 18618 | 21048 | 25267 | 29060 | 32555 |

JATINBHAI SHAH MOBILE NO : 9821204477

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.ચેરીટેબલ એન્ડ રિલીજીયસ ટ્રસ્ટ**
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ યાત્રિકભવન - પાલિતાણા**
**શ્રી જિનાલય સર્વસાધારણ વિક્રમ સવંત ૨૦૮૧**
**માસિક પ્રમાણે**
**નકરો રૂ. ૫૦૦૦/- (કારતક થી આશો) દાતાઓની યાદી**

**કારતક**

૧. સ્વ. જીગર અશ્વિનભાઇ શાહ — બોરીવલી
૨. સ્વ. મંજુલાબેન ચીનુભાઇ શાહ — વાલકેશ્વર

માગશર

૧.

**પોષ**

૧. શ્રી સુભાષભાઇ પદ્મકાંત શાહ — મીરારોડ

**મહા**

૧. શ્રીમતી વર્ષાબેન કુમારભાઇ શાહ — વિલેપાર્લા
૨. શ્રીમતી ભારતીબેન પ્રફુલભાઇ શાહ — ગોરેગાંવ
૩. શ્રી પરાગ દીલીપભાઇ શાહ — માટુંગા
૪. માતુશ્રી યશોદાબેન સેવંતીલાલ શાહ — મલાડ

**ફાગણ**

૧. શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ — વિલેપાર્લા
૨. માતુશ્રી પ્રભાવતીબેન નગીનદાસ શાહ — મુંબઇ

**ચૈત્ર**

૧. શ્રી દીલીપભાઇ ખીમચંદ શાહ — માટુંગા
૨. સ્વ. ભરતભાઇ પોપટલાલ શાહ — અંધેરી
૩. શ્રી સેવંતીલાલ ચીમનલાલ શાહ — મલાડ

**વૈશાખ**

૧. શ્રીમતી ભામીનીબેન દિલીપભાઇ શાહ — માટુંગા
૨. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ — અંધેરી
૩. શ્રીમતી મનહરબેન કિરીટભાઇ શાહ — મુલુંડ

**જેઠ**

૧. શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ — ગોરેગાંવ
૨. શ્રીમતી શીલાબેન હેમેન્દ્રભાઇ સલોત — કર્નુલ
૩. શ્રી કિરીટભાઇ રતનશી શાહ — મુલુંડ

**અષાઢ**

૧. શ્રી આત્મારામ ફોઝદાર — અમદાવાદ

**શ્રાવણ**

૧. શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ — વિલેપાર્લા
૨. શ્રીમતી કિર્તીબેન વિક્રમભાઇ શાહ — બોરીવલી

**ભાદરવો**

૧. શ્રીમતી સુનીલાબેન કમલેશભાઇ પારેખ — ઘાટકોપર
૨. શ્રીમતી કલ્પનાબેન પ્રકાશભાઇ શાહ — વિલેપાર્લા
૩. શ્રીમતી સરોજબેન ધીરૂજલાલ કોઠારી — થાણે
૪. શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. યુવક મંડળ — ઘાટકોપર

**આસો**

૧. શ્રી રૂપેશભાઇ દીલીપભાઇ શાહ — દાદર
૨. શ્રીમતી ચંદનબેન અરવીંદભાઇ શાહ — બોસઠીવલી
૩. સ્વ. અશ્વિનભાઇ પદ્મકાંત શાહ — બોરીવલી
૪. શ્રીમતી હેમલતાબેન કીર્તીભાઇ કોઠારી — બોરીવલી

## વાચકોને ખાસ નમ્ર વિનંતી

આપણા શ્રી સંઘનાં ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં આપણાં સંઘ તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૮૦ થી ૧૦૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૪૮૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. આથી પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadjainsangh.org ઉપર જેમાં દર મહિનાની ૧૬ થી ૧૮ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે.

**સંપર્ક : ૯૧૩૭૩૪૨૮૧૮ / ૯૮૬૯૦૪૦૧૫૦**

## કોરીયર યોજના

ઉપરોક્ત સમસ્યાનો નિકાલ કરી સમાજના દરેક સભ્ય પરિવારોને ચોક્કસ સમયમાં પત્રિકા પહોંચાડવાના લક્ષ્ય સાથે શ્રી સંઘ દ્વારા ૨૦૨૨ થી કોરીયર દ્વારા મોકલવામાં આવે છે. જેનો ચાર્જ ૧૨૦૦/- ચાર વર્ષ માટે રાખવામાં આવેલ છે. આ રકમ શ્રી સંઘમાં આપવાની રહેશે. પત્રિકા દરેક માસની તા.૧૬ થી ૨૦ની વચ્ચે પહોંચી જશે, જે પરિવારોને દર મહિને અને સમયસર પત્રિકા પોસ્ટ દ્વારા નથી મળતી અને કોરીયર ચાર્જ આપશે તે સભ્ય પરિવારને સમયસર કોરીયરથી મોકલવામાં આવશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
### બહારગામના પત્રિકા મેમ્બરોના
### પાછા આવેલ પત્રોના નામોની યાદી

નવેમ્બર માસની પત્રિકામાં જણાવ્યા પ્રમાણે બહારગામના પત્રિકાના ૪૦૦ સભ્ય પરિવારોને સ્પીડ પોસ્ટ દ્વારા પત્રો મોકલવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં ઘણાં પરિવારોના પત્રિકા ચાલુ રાખવા માટેના ફોર્મ અને રકમ મોકલી આપેલ છે. તેજ પરિવારોને હવે પછીથી પત્રિકા મોકલવામાં આવશે. જે સભ્ય પરિવારો ફોર્મ ભરી અને રકમ મોકલશે તેજ પરિવારોને જાન્યુઆરી ૨૦૨૫ થી પત્રિકા મોકલવામાં આવશે. ફોર્મ અને રકમ મોકલવાની છેલ્લી તારીખ ૩૧ ડીસેમ્બર - ૨૦૨૪ નક્કી કરેલ છે. જે પત્રિકા બહારગામ જાય છે તે ફક્ત પત્રિકાના મેમ્બરજ ગણાશે, મુંબઈ સંઘના આજીવન સભ્ય ગણાશે નહિં.

નીચે જણાવેલ સભ્ય પરિવારોના પત્રો પરત આવેલ છે. તેમને પત્રિકા મોકલવામાં નહિ આવે.

| | નામ | ગામ |
|---|---|---|
| ૧. | ભરતકુમાર અમૃતલાલ શાહ | સાંગલી |
| ૨. | જયેશ પ્રેમચંદ શાહ | ચેન્નાઈ |
| ૩. | રાજેશ જે. શાહ | ચેન્નાઈ |
| ૪. | અનોપચંદ વૃજલાલ શાહ | નંદુરબાર |
| ૫. | નંદલાલ ગોવિંદજી શાહ | નાશિક |
| ૬. | ટિકેશ ગિરધરલાલ શાહ | કાનપુર |
| ૭. | વર્ષા નરેશ શાહ | કોલકાતા |
| ૮. | વૃજલાલ ભુદરદાસ શાહ | કાનપુર |
| ૯. | બિપિન કેશવલાલ શાહ | ધનબાદ |
| ૧૦. | જયાબેન સોભાગ્યચંદ શેઠ | સિકન્દરાબાદ |
| ૧૧. | દીપક બચુભાઈ કપાસી | બેંગ્લોર |
| ૧૨. | ઉષાબેન બકુલભાઈ શાહ | બેંગ્લોર |
| ૧૩. | પ્રતાપરાય પોપટલાલ કોઠારી | બેંગ્લોર |
| ૧૪. | વ્યોમેશ લલિતભાઈ ગાંધી | પાલઘર |
| ૧૫. | મંજુલાબેન જીવરાજ શાહ | પુના |
| ૧૬. | સંજય જીતેન્દ્ર શાહ | પુના |
| ૧૭. | બિપિનભાઈ છોટાલાલ શાહ | પુના |
| ૧૮. | ગિરીશભાઈ જગજીવનદાસ શાહ | પુના |
| ૧૯. | અરવિંદ મણિલાલ દોશી | પુના |
| ૨૦. | કિશોર આર. શાહ | પુના |
| ૨૧. | નવીન રમણલાલ શાહ | અમદાવાદ |
| ૨૨. | અનિલભાઈ કાંતિલાલ શાહ | અમદાવાદ |
| ૨૩. | ચંપકલાલ પોપટલાલ શાહ | અમદાવાદ |
| ૨૪. | ન્યાલચંદ જે. શાહ | અમદાવાદ |
| ૨૫. | હિતેન્દ્ર ભોગીલાલ શાહ | અમદાવાદ |
| ૨૬. | મહેશ લીલચંદ શાહ | અમદાવાદ |
| ૨૭. | યોગેન મનીષભાઈ શાહ | ભાવનગર |
| ૨૮. | કિરીટ ચીમનલાલ વોરા | ભાવનગર |
| ૨૯. | નવીનચંદ્ર ચીમનલાલ મહેતા | રાજકોટ |
| ૩૦. | સ્નેહા ચંદ્રકાંત પરીખ | રાજકોટ |
| ૩૧. | કિશોર પોપટલાલ બગડીયા | રાજકોટ |
| ૩૨. | સ્નેહલતા ધનવંતલાલ શાહ | રાજકોટ |
| ૩૩. | જગદીશ શાંતિલાલ શાહ | જામનગર |
| ૩૪. | પ્રવીણભાઈ એમ. ગાંધી | જામનગર |
| ૩૫. | હિંમતલાલ પુનમચંદ વોરા | પોરબંદર |
| ૩૬. | હિતેશ રસીકલાલ બગડીયા | ભરૂચ |
| ૩૭. | શ્રેણીક સી. શેઠ | સુરત |
| ૩૮. | કિરીટકુમાર મણીલાલ | સુરત |
| ૩૯. | ઈન્દુલાલ ટી. શાહ | સુરત |
| ૪૦. | અનિલ ભક્તિદાસ શાહ | ઉધના (સુરત) |
| ૪૧. | અજીતભાઈ ન્યાલચંદ શાહ | વાપી |
| ૪૨. | રમેશ માણેકલાલ દોશી | સુ.નગર |
| ૪૩. | જયસુખલાલ વાડીલાલ શાહ | સુ.નગર |
| ૪૪. | વિજયભાઈ બાબુલાલ શાહ | સુ.નગર |
| ૪૫. | નિરંજન મોહનલાલ શાહ | સુ.નગર |
| ૪૬. | નરેશ હીરાલાલ શાહ | સુ.નગર |
| ૪૭. | સૌભાગ્યચંદ ઓઘડદાસ દોશી | સુ.નગર |
| ૪૮. | ઉપેન્દ્ર ચંદુલાલ શાહ | સુ.નગર |
| ૪૯. | ગિરીશ બી. મહેતા | સુ.નગર |
| ૫૦. | કુમારપાળ પ્રવિણચંદ્ર મહેતા | જોરાવરનગર |

# WILL (વસિયત) / GIFT DEED

**RELEASE DEED / REGISTRATION**

**PROBATE / SUCESSION CERTIFICATE**

***WILL JUNCTION***

**9594385838 / 8080336335**



**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

# Anmol Electricals

***Dealers in:*** **All kinds of Electricals Goods & LED Lights & Panels**


***Stockist of :*** **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162
**Email :** anmolelectricals162@gmail.com



જય બહુરાજ મો.:૯૮૨૦૨ ૮૪૧૧૫
શ્રી કમળમાતાય નમઃ ૯૯૮૭૫ ૮૪૧૧૫

## શાસ્ત્રી રવીભાઈ જી. જોષી



ઝાલાવાડના ગોર
વાસ્તુ-નવચંડી-ગ્રહશાંતિ-હવન-કાલસર્પ પૂજા તથા નારાયણબલી સત્યનારાયણ પૂજા, રાંદલ પૂજા, જૈન લગ્નવિધી પ્રમાણે તથા જન્મકુંડલી, ધાર્મિક વિધીઓ વગેરે

**એ/૩૦૨, બી/૪૦૨, સુશીલ કો.ઓ.હા.સો.લિ., શિતલ નગર, ચિલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામે, અશોક ચકવર્તી ક્રૉસ રોડ, દામોદરવાડી પાસે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.**



***Bhavin Shah*** ***Jaymin Shah*** ***Rohan Shah***

## GAUTAM STEEL INDUSTRIES

***Mfg. and Stockist in :-***

**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611
♦ ♦ ♦
Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com


## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ

# નવા આજીવન સભ્ય માટે અગત્યની સૂચના

નવા સભ્ય થવા માટે તેમજ નવિનીકરણ થતા આજીવન સભ્ય પરિવારોને સભ્યપદ માટે વર્તમાન સભ્ય શ્રી જેઓ અરિહંત શરણ થતા તેમના વારસદારો (પુત્ર / પત્ની) એ નીચે મુજબની વિગતો સાથે પ્રમાણ પત્રો આપવાના રહેશે.

| | |
|---|---|
| **આજીવન સભ્ય ફી** | **રૂા.૯૦૦/-** |
| **દાખલ ફી** | **રૂા.૧૦૦/-** |
| **કુલ** | **રૂા.૧૦૦૦/-** |
| **પેટર્ન સભ્ય ફી** | **રૂા.૩૦૦૦/-** |

૧. શ્રી સંઘની અંધેરી ઓફિસેથી અથવા દામોદરવાડીએથી નવા આજીવન સભ્યપદ માટેનું ફોર્મ મેળવી વ્યવસ્થિત પૂરી વિગતો લખીને ભરીને તેમના વિસ્તારના મંડળ પ્રમુખ / મંત્રી / ટ્રસ્ટી અથવા હોદ્દેદારો ની સહિ કરાવવાની રહેશે.

૨. અરિહંત શરણ થયેલ સભ્ય શ્રીનું (ડેથ સર્ટિફીકેટ) મરણનું પ્રમાણપત્ર.

૩. કૌટુંબીક રેશન કાર્ડની પ્રથમ પાના / છેલ્લા પાનાની ઝેરોક્ષ.

૪. શ્રી સંઘના ઓળખપત્રની ઝેરોક્ષ ફોર્મ સાથે બીડવું.

૫. આ આજીવન સભ્યનું ફોર્મ ફક્ત મુંબઈના સભ્યો માટે જ છે.

-: સંપર્ક :-

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯.
મો.: ૯૧૩૭૩૪૨૮૧૮
દામોદરવાડી, દુકાન નં.૯, ચક્રવર્તી અશોક રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧. ફોન : ૦૨૨-૨૮૮૭૪૬૩૩

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈ

**ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા**

**-: જાહેરખબરના દર :-**

| | |
|---|---|
| છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના | રૂા.૮૦૦૦/- |
| અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના | રૂા.૭૦૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત | રૂા.૫૫૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત | રૂા.૨૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના | રૂા.૩૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના | રૂા.૧૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના | રૂા.૧૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ૧/૩ પેઇજ એક વખતના | રૂા.૧૨૦૦/- |
| એક યુનિટ એક વખતના | રૂા.૬૦૦/- |
| એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૨૦૦૦/- |
| બે યુનિટ એક વખતના | રૂા.૫૦૦/- |
| બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૪૮૦૦/- |

## ઝાલાવાડ સમાજ મુંબઈનાં એક વ્યક્તિ વિશેષ ઉદાર દિલ દાતા

# શ્રી મહેન્દ્રભાઈ દિપચંદભાઈ તુરખીયા



સમાજ શ્રેષ્ઠી, ઉદાર દિલ દાનવીર, ઉમદા વ્યક્તિ એવા શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા સમાજ માટે શ્રેષ્ઠ સહયોગી રહયાં છે. શ્રી મહેન્દ્રભાઈ એજ્યુકેટેડ પર્સન સી.એ. - એડવોકેટ, સફળ બિઝનેસમેન અને પ્રતિષ્ઠિત ઉધોગપતિ સાથે એક ઉમદા સોશ્યલ વર્કર તરીકેની તેઓની આગવી ઓળખ સમાન સમાજમાં એક જાણીતું વ્યક્તિત્વ રહયું છે.

માતુશ્રી ચંપાબેન દિપચંદ ડુંગરશી તુરખીયાનાં પુત્ર શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાનો જન્મ સુરેન્દ્રનગર ખાતે થયો હતો. ચાર ભાઈઓ અને બે બહેનોનાં પરિવારમાં ભાઈઓમાં તેઓ સૌથી નાના ભાઈ છે. શ્રી મહેન્દ્રભાઈનાં ધર્મપત્ની શ્રીમતી પ્રિયાબેન એક એડવોકેટ તરીકે પોતાનો વ્યવસાય કરે છે. અભ્યાસમાં હંમેશા હોશિયાર એવા શ્રી મહેન્દ્રભાઈએ પ્રાથમીક શિક્ષણ એન. ટી. એમ. હાઈસ્કુલ સુરેન્દ્રનગર ખાતે લીધેલ હતું. મુંબઈમાં અમુલખ અમીચંદ સ્કુલથી એસ.એસ.સી. કર્યા બાદ તેઓએ બી.કોમ., સી.એ. અને ગવર્નમેન્ટ કોલેજમાંથી ટ્રેડમાર્કસ ઈન પેટન્ટસ અને ટ્રસ્ટ વિષયથી એલ.એલ.બી. નો અભ્યાસ કરેલ. વાંચનનાં ખૂબ જ શોખીન શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાનો વિશ્વાસ હંમેશા શિક્ષણ માટે વિશેષ રહેલો છે.

તકલીફો અને મુશ્કેલીઓ સામે ખુબ જ મહેનત સાથે જીવનમાં સંઘર્ષ કરીને પોતાના આત્મબળે આગળ આવીને તેઓએ સફળતા હાસીલ કરેલ છે. સમાજનાં વેગવંતા વિકાસમાં ઉમદા યોગદાન આપતા રહીને તેઓ સાચા સહભાગી રહયાં છે. સરળ અને સહજ વ્યક્તિત્વ ધરાવતા શ્રી મહેન્દ્રભાઈએ ઉચ્ચ એજ્યુકેશન સાથે પોતાની કાબેલીયતથી સફળતા મેળવી સંપત્તિ - સમૃદ્ધિને વર્યા છે. સમાજનાં સાચા અર્થમાં એક હિતચિંતક બનીને પોતાની સંપત્તિનો સદ્ઉપયોગ કરી સત્કાર્યોમાં સતત દાનની ગંગાને વહેતી રાખનારા મુંબઈનાં આ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન દાનવીરની ઉમદા ઉદ્દાત ભાવનાઓ રહી છે.

શ્રી મહેન્દ્રભાઈએ  જી. બાસુ એન્ડ કંપનીમાં આર્ટીકલશીપ કરેલ. જ્યાં તેઓની કાબેલીયતને પારખીને કંપનીએ તેમને મુંબઈ ઓફીસ માટે પાર્ટનરશીપ ઓફર કરેલ હતી. પોતાના કેરિયરની શરૂઆત છતાં શ્રી મહેન્દ્રભાઈએ પોતાની દિર્ઘદ્રષ્ટીએ આ ઓફરને રીજેક્ટ કરી હતી. સુરેન્દ્રનગરથી ખાલી હાથ મુંબઈ આવીને તેઓએ રૂા.૧૧૦૦/-માં પ્રથમ નોકરીથી શરૂઆત કરેલ હતી. શરૂઆતમાં પોતાના આર્થિક સંજોગો એટલા સારા ન હોવા છતા તેઓ જે પણ કંપનીઓમાં કામ કરતા હતા, ત્યારે તે કંપનીનાં સ્ટાફ અને બોસને કોઈપણ ચાર્જ લીધા વગર ટેક્ષ ગાઈડ લાઈન આપવા સાથે ટેક્ષ રીટર્ન ફ્રી માં ફાઈલ કરી આપતા હતા. બે - ત્રણ જોબ કર્યા બાદ તેઓએ પોતાની પ્રેકટીશ શરૂ કરતા બીજા જ દિવસથી તેમની પાસે ૩૦૦ ફાઈલ આવી હતી. કારર્કિદીની શરૂઆતમાં તેઓ નજીવા દરે કામ કરી આપતા હતા.

૧૯૭૫ થી આજદિન સુધીમાં શ્રી મહેન્દ્રભાઈએ પોતાની પ્રેકટીસ દરમ્યાન લગભગ ૨૦૦ થી પણ વધારે ટ્રસ્ટનાં રજીસ્ટ્રેશન ફ્રી માં કરાવી આપેલ છે. સી.એ. કરતા હતા ત્યારે તેઓ સાઈડમાં ટયુશન પણ કરતા હતા. સખત પુરૂષાર્થ કરતા રહીને પોતાની ઉચ્ચ શૈક્ષણીક લાયકાત સાથેની ટેલેન્ટે તેઓ સાનુકૂળ સંજોગોને પોતાની ફેવરમા જાતે જ ક્રિયેટ કરતા ગયા અને સફળતાઓ સર કરતા રહયા, અને સમૃદ્ધિનાં સ્વામી બન્યા. સમાજ પ્રત્યેની પોતાની સદ્ભાવનાઓ સાથેનાં વિચારોએ, અનેક ક્ષેત્રમાં ઉમદા યોગદાન - સહયોગ તેઓ આપતા રહયાં. આમ તેઓની સમાજમાં એક આદરભરી વિશિષ્ટ ઓળખ સ્થાપિત થયેલ છે.

શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈમાં ટ્રસ્ટી તરીકે, ઝાલાવાડ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈમાં ટ્રસ્ટી તરીકે, ઝાલાવાડની એક્તાની સદ્ભાવના સ્વરૂપ ઝાલાવાડ સમાજનાં ઉત્કર્ષ અને સંગઠ્ઠન અર્થે આગેકૂચ કરતી મુંબઈ સ્થિત આગવી સંસ્થા **''ઝાલાવાડ સમાજ - ભારત (ઈન્ડિયા)''** માં ચેરમેન તરીકે સેવાઓ આપી રહયાં છે. આ સંસ્થાનાં તેઓ પાયાનાં પથ્થર સમા ઘડવૈયા - શિલ્પી રહયાં છે. આ સંસ્થાઓ ઉપરાંત જૈનોની વિવિધ સંસ્થાઓ, ઝાલાવાડની વિવિધ સંસ્થાઓ અને સંગઠનોને યોગદાન

(અનુસંધાન પેઈજ નં.૧૪ ઉપર)

ZBF
ZALAWAD BUSINESS FORUM

ZBF PREMIER LEAGUE
ZPL

# MANBA CUP
TURF CRICKET TOURNAMENT
SEASON 2

## WHERE THE COMMUNITY UNITES FOR CRICKET!
HIT THE TURF AND RULE THE GAME!

4 TURFS
26TH JANUARY 2025; Sunday
ANDHERI SPORTS COMPLEX
J P Road, Azad Nagar, Andheri West, Mumbai 400 058.
8:00 AM Onwards

## SPONSORSHIP OPPORTUNITIES
- Co-Partner
- Associate Partner
- T-shirt Partner
- 4's & 6's Partner
- Wickets Partner
- Food Partner
- Refreshment Partner
- Team Owners

## CONVENERS FOR THE EVENT
| | |
|---|---|
| Yogeshbhai Narichania | : +91 93245 05855 |
| Mitulbhai Shah | : +91 98198 80029 |
| Bankimbhai Mathukia | : +91 98690 15270 |
| Mohitbhai Shah | : +91 98929 37237 |

Title Partner
MANBA FINANCE

Trophy Partner
Sunshine Holidays and Events

GOLDEN PILLARS
RAJIV SHAH – Samarth Lifesciences
KIRAN SHAH – Tip Top Impex
RAHUL SANGHVI – Manav Gems
HARNISH SHAH – Samyak GyanFoundation
MANOJ SHAH – Rainbow Events

## PARTICIPATING TEAMS IN THE MANBA CUP TURF CRICKET TOURNAMENT 2025

### 20 TEAM ALREADY REGISTERED
HURRY AND REGISTER YOUR TEAM NOW WITH OUR COORDINATORS

**BORIVALI BADSHAHS**
Anilbhai Tolia: 93222 53545
Sagar Shah: 98332 71006
Hemu Shah: 98201 14338
Yashvi Shah: 98675 28706

**GHATKOPAR GIANTS**
Nirav Sheth: 98921 92969
Chintan Shah: 98677 30999
Mansi Shah: 75061 27254
Kintan Shah: 99307 77613
Mehul Kothari: 98202 89220

**MALAD GOREGAON CHALLENGERS**
Maulik Bagadia: 88985 93594
Ronak Salot: 98338 86667
Mansi Salot: 98699 78299
Chintan Shah: 98207 91470
Dhruvin Bavishi: 88987 92100
Bhautik Shah: 98673 94975
Jinesh Shah: 90299 96885

**EASTERN ICONS**
Bhairav: 99999 62334
Shrey Shah: 96645 75833
Vani Shah: 98200 90032
Manojbhai Shah: 99309 19199

**KANDIVALI RIDERS**
Chetan Shah: 98214 04031
Jaimeen Shah: 98209 91287
Bhavik Parikh: 99306 68457
Riya Shah: 98198 76833

**ANDHERI AVENGERS**
Viraj Gandhi: 97691 14687
Nemish Shah: 93222 32383
Keyur Shah: 98333 81180

**SION LIONS**
Piyush Sheth: 98213 28833
Sahil Shah: 88509 97741
Nitin Shah: 98210 75793
Aryan Shah: 70397 08074

**SOUTHERN SMASHERS**
Amish Shah: 96192 47227
Piyush Shah: 98335 56298
Akshat Doshi: 76668 24047
Jasmin Shah: 98197 77853

**NORTH UNITED**
Tejas Desai: 81493 22382
Parth Shah: 98335 71009
Charmi Kothari: 92233 82282

**WESTERN WARRIORS**
Kunal Kamdar: 98210 61190
Ketan Doshi: 98218 51130

Team Owner
Ghatkopar Giants (Men)
BAJAJ CAPITAL

Team Owner
Ghatkopar Giants (Women)
Top International

REGISTRATION COMPULSORY.
ENTRY FEES ₹600/- PER PERSON
SCAN TO REGISTER

(અનુસંધાન પેઈજ નં.૧૧ થી આગળ)

